ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૯-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### દિલ્હીમાં સરકાર બનાવવાની સાઠમારી

દિલ્હીમાં સરકાર બનાવવાના મુદ્દે ફરી એક વાર ચક્રો ગતિમાન થઈ ચૂક્યાં છે અને આગામી દિવસોમાં ભારતીય જનતા પાર્ટી આ નગરરાજય પણ કેસરિયો લહેરાવે એવી શક્યતાઓ વરતાઈ રહી છે. દિલ્હીના કહ્યાગરા ઉપરાજયપાલ નજીબ જંગે સૌથી મોટા પક્ષ તરીકે ભાજપને સરકાર બનાવવા નિમંત્રણ પાઠવવાનો નિર્ણય કેન્દ્રની મોદી સરકારના ઈશારે લઈ લીધો છે અને રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીની આ મુદ્દે મંજુરી માગી છે. રાષ્ટ્રપતિએ હજી સુધી જવાબ નહીં પાઠવેલ હોઈ ઉપરાજપાલ ભાજપને સરકાર રચવા માટેનું અધિકૃત નિમંત્રણ પાઠવી શકેલ નહીં હોઈ કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલત પાસે ચાર અઠવાડિયાનો સમય માગ્યો છે, જે અદાલતે મંજૂર કર્યો છે. એક રીતે સર્વોચ્ચ અદાલતે એક મહિનાનો સમય આપીને ભાજપને ભારે અનુકૂળતા જ કરી આપી છે. કેજરીવાલે રજૂ કરેલ સ્ટિંગ ઓપરેશનની બાબતે અદાલતે મૌન જાળવ્યું છે અને દિલ્હીને સરકાર મળવી જોઈએ એ જ બાબત પર સુનવાણી મોકુફ રાખી તે સૂચક છે. સર્વોચ્ચ અદાલતે કેન્દ્રનો અગાઉ આ મુદ્દે ઉધડો લીધો હતો. ચૂંટાયેલા ધારાસભ્યોને કશી કામગીરી વગર વેતન ચૂકવતાં રહી ધારાસભાને નિલંબિત - સુષુપ્ત હાલતમાં રાખી મૂકવાનું વલણ બરાબર નહીં હોવાનું જણાવી સર્વોચ્ચ અદાલતે કેન્દ્રને પુછ્યું હતું કે ચૂંટણી થઈ ગયા અને આમ આદમી પાર્ટીની સરકારે ૪૯ દિવસમાં રાજીનામું ધરી દીધા પછી સુષુપ્ત બની ગયેલી વિધાનસભાને કયાં સુધી મૂર્છિત હાલતમાં મુકી રાખવાની છે? દિલ્હીની પ્રજાને એની લોકશાહી ઢબે ચૂંટાયેલી નવી સરકાર કયારે મળશે? - આ બધા પ્રશ્નોના પ્રતિભાવ રૂપે ભાજપનું દિલ્હી એકમ એકશનમાં આવી ગયું અને સૌથી મોટા પક્ષ તરીકે સરકાર રચવાની તૈયારીમાં પડી ગયું. કેન્દ્રની લીલી ઝંડી - સવિશેષ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સાનુકૂળ સંકેત મળતાં જ લઘુનેતાઓએ જરૂરી સભ્ય સંખ્યા ભેગી કરવાની કવાયત શરૂ કરી દીધી છે. આમ આદમી પાર્ટી માટે અસ્તિત્વની લડાઈ આવી પડી છે. ભાજપની સરકાર બનશે તો એ આમ આદમી પાર્ટીના ચૂંટાયેલા સદસ્યોને તોડીને જ - કાં તો બંધારણીય રીતે એક તૃતીયાંશ જેટલા સભ્યોનું અલગ જૂથ રચાવી એનું સમર્થન મેળવીને બનાવી શકાશે. કેજરીવાલ અને મનીષ સિસોદિયા એમની પાર્ટીના ધારાસભ્યોને પકડી રાખવા ગમે તેટલા ધમપછાડા કરશે તો પણ સત્તા આગળ શાણપણ નકામું નીવડવાનું છે, એનો અણસાર તો એ પામી જ ગયા હોય. આથી કેજરીવાલે એમના સભ્યોને ભાજપ દ્વારા અપાતી લાલચનું સ્ટિંગ ઓપરેશન કરવાની સલાહ આપી હતી, દિલ્હી ભાજપ પ્રદેશ એકમના ઉપાધ્યક્ષ શેરસિંહ ડાગરે 'આપ'ના ધારાસભ્યને ચાર કરોડ રૂપિયા આપવાની કરેલી ઓફરનું સ્ટિંગ ઓપરેશન ભાજપની કેન્દ્રીય નેતાગીરી માટે શિરોવેદનાના સાબિત થયું છે. પાર્ટીએ એના ઉપાધ્યક્ષને નોટિસ પાઠવવી પડે છે. અરવિંદ કેજરીવાલ આ મુદ્દો સર્વોચ્ચ અદાલત સમક્ષ લઈ જઈ, ભાજપ એમની પાર્ટીના સભ્યોને લાંચ આપી ખરીદી લેવા માગતું હોવાનું પ્રસ્થાપિત કરવા માગતા હતા. બીજી તરફ જદ (યુ)ના મુસ્લિમ ધારાસભ્ય કેજરીવાલ સાથે બેઠક કરીને કોંગ્રેસની મદદથી 'આપ' સરકાર બનાવવાની ફોર્મ્યુલા રજૂ કરી રહ્યા છે, પરંતુ કેન્દ્રમાં બેઠેલી ભાજપ સરકારના હાથ ઘણાં લાંબા છે. વળી એ સમજે છે કે નવી ચૂંટમી યોજાતાં દિલ્હી પૂરતાં કેજરીવાલ મુખ્યમંત્રી તરીકે હોટ ફેવરીટ હોઈ ભાજપને નામોશીભરી શિકસ્ત સાંપડે એમ છે. લોકસભા વખતનું મોદીમોજું વિલાઈ રહ્યું છે એની પ્રતીતિ ઉત્તરાખંડ, બિહાર, કર્ણાટક વગેરે રાજયોમાં થયેલ પેટાચૂંટણીનાં પ્રતિકુળ પરિણામોથી થઈ ચૂકી છે. એટલે મોદી નવેસરથી ચૂંટણીમાં ઊતરી રાજધાની ક્ષેત્ર દિલ્હીમાં જ હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાઈ જવાને બદલે 'બંધારણીય' રીતે માન્ય ઠરે એવી ભાજપ સરકાર રચી દઈ પ્રશ્ન પર પૂર્ણવિરામ મૂકી દેવા માગતા હોય તે સમજી શકાય એમ છે.

# પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ ફેન્સીંગ સ્પર્ધામાં વિજયી બન્યા



ગાંધીનગર, તા. ૯
રાજયકક્ષાની અંડર-૧૪ ફેન્સીંગ સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલય સેકટર-૫ના વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ દેખાવ કરી અગ્રીમ ક્રમ પ્રાપ્ત કર્યો છે.

અમદાવાદ જેતલપુર સ્થિત એમ.પી. પંડયા હાઈસ્કુલમાં રાજયકક્ષાની અંડર-૧૪ ફેન્સીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં રાજયની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ જોડાયા હતા. સેકટર-૫ સ્થિત પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્પર્ધામાં ઈ.પી. વ્યકિતગત સ્પર્ધામાં પાર્વતી ઠાકોર અને શિખર વ્યકિતગત સ્પર્ધામાં ચેતના ચાવડાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમજ વર્ષા રબારી, હેલી શાહ, ભાવિક કિશોરી અને મેહુલ યાદવે બીજો નંબર મેળવ્યો હતો.



સરદાર પટેલ વિદ્યામંદિર સેકટર-૭ માં જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં સફાઈ અભિયાન, વર્ગ સુશોભન, સુલેખન સ્પર્ધા અને ચિત્ર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પાંચ દિવસ ચાલેલ જ્ઞાન સપ્તાહમાં વ્યસનમુક્તિ રેલી યોજી નિર્વ્યસન રહેવા સંદેશ આપવામાં આવ્યો હતો.

## બાલવાનો એથ્લેટીકસમાં વિજય

ગાંધીનગર જિલ્લા કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધા સાંઈ સે-૧૫ ગાંધીનગર મુકામે યોજાઈ હતી. જેમાં શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ, બાલવાના વિદ્યાર્થીઓએ અંડર-૧૪, ૧૭ ગ્રુપમાં વિજેતા થયા હતા. ઠાકોર આરતી જે. ૧૦૦ મી. લાંબીકુદમાં પ્રથમ, ૪૦૦ મી. દ્વિતીય. ભાટી સુરેખા બી. ઊંચીકુદમાં તૃતીય જયારે પટણી આરતી ડી.એ બરછીફેંકમાં તૃતીય સ્થાન મેળવ્યું છે. શાળાના વ્યાયામ શિક્ષકશ્રી શૈલેષકુમાર કે. પટેલ દ્વારા માર્ગદર્શન અપાયું હતું. શાળાના આચાર્ય પરમાર અર્જુનસિંહ, શાળાના પ્રમુખ-ટ્રસ્ટીઓએ સૌને અભિનંદન આપ્યા હતા.

# ઓરાણ હાઈસ્કૂલમાં જ્ઞાન સપ્તાહની ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ

## આ સપ્તાહ દરમિયાન સફાઈ ઝુંબેશ, વૃક્ષારોપણ, નિબંધ લેખન, કાવ્ય પઠન, વક્તૃત્વ સ્પર્ધા વગેરેનું આયોજન કરાયું : ૫ મી સપ્ટેમ્બરે ગુરૂવંદના મા નિવૃત્ત શિક્ષકનું સન્માન કરાયું







ઓરાણ, તા. ૯
ચિલોડાથી હિંમતનગર તરફ જતા નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ ઓરાણ ગામે શેઠ એમ.કે. હાઈસ્કૂલમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી કરાઈ હતી. આ ઉજવણી દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સફાઈ ઝુંબેશ, કાવ્ય વાંચન, નિબંધ લેખન અને વક્તૃત્વ સ્પર્ધાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ દરમિયાન વર્ગ સુશોભન હરિફાઈ પણ યોજવામાં આવી હતી.

આ શાળામાં જ્ઞાન સપ્તાહ દરમિયાન તા. ૧લી સપ્ટેમ્બરે સફાઈ ઝુંબેશ યોજવામાં આવી હતી. આ ઝુંબેશમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શાળા કેમ્પસની સફાઈ કરી હતી. તા. ૨૫ સપ્ટેમ્બરે વક્તૃત્વ, નિબંધ લેખન અને કાવ્ય પઠન જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૩જી સપ્ટેમ્બરે શાળામાં શિક્ષકદિનને ધ્યાનમાં રાખીને સ્વયંશિક્ષકનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ આ દિવસે સ્વયં શિક્ષકની ભૂમિકા બજાવી હતી.

સ્વયંશિક્ષક દિને વિદ્યાર્થીઓએ સમગ્ર શાળાની કાર્યવાહી ઉત્સાહપૂર્વક જાતે ઉઠાવી હતી. આ કાર્યક્રમનું આયોજન શાળાના સિનિયર શિક્ષક એલ.કે. પટેલે સંભાળ્યું હતું. તેમજ એસ.આર. સોનીએ નિર્ણાયક તરીકેની જવાબદારી નિભાવી હતી. તા. ૪ થી સપ્ટેમ્બરે શાળાના પટાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જયારે ૫મી સપ્ટેમ્બરે 'શિક્ષક દિન' ગુરૂવંદના કાર્યક્રમ યોજીને શાળાના નિવૃત્ત શિક્ષક નટુભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. આ જ્ઞાન સપ્તાહમાં વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## હરિની દ્દષ્ટિ...





બહેન, બીજુ આપણે શું કરી શકીએ ? સાહેબને ગુજરાતમાં પગ મૂકતા સાથે જ મા અને માતૃભૂમિ બેઉ એક સાથે જ મળી જશે...!!

# વિદ્યાર્થીઓને પોઝીટીવ થીંકીંગ કરતા કરવા ઓરાણ હાઈસ્કૂલમાં સેમિનાર યોજાયો

ઓરાણ, તા. ૯
પ્રાંતિજ તાલુકામાં નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ એમ.કે. ઓરાણ હાઈસ્કૂલમાં પોઝીટીવ થીંકીંગ અંગે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર પ્રાંતિજના જાયન્ટસ ગૃપ દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં પોગલુ આશ્રમના મહંત સુશીલદાસ મહારાજે જીવનમાં હકારાત્મક વિચારો વિદ્યાર્થીઓને વિકસાવવા અસરકારક અભ્યાસની પદ્ધતિઓ અને કારકિર્દી પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપ્યું હતું.



પ્રાંતિજ જાયન્ટસ ગૃપના સભ્ય જમનાદાસ નરસિંઘાણી, સહિત કેળવણી મંડળના સહમંત્રી રાજેન્દ્રભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યા ડૉ. કે.એન. રાઠોડે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં ભારતના સોલિસિટર જનરલ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **રંજીત કુમાર**
૨. ૨૦૧૪માં કઈ જેલમાં બંધ કેદીઓના બાળકો માટે નાણાંકીય સહાય આપવા માટે યોજનાની શરૂઆત કરી છે?
➜ **દિલ્હી**
૩. ૨૦૧૪માં 'ઇન્ડિયન પ્રિમિયર લીગ' (આઇ.પી.એલ) નો ખિતાબ કઈ ટીમે જીત્યો હતો ?
➜ **કોલકાત્તા નાઇટ રાઇડર્સ**
૪. ૨૦૧૪માં તેલંગાણા રાજયના પ્રથમ મુખ્યમંત્રી તરીકે કોણે શપથ લીધા હતા?
➜ **ચંદ્રશેખર રાવ**
૫. ૨૦૧૪માં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **અજીત દોવેલ**
૬. ૨૦૧૪માં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ એ કયાં મીડિયા સમૂહનો હિસ્સો ખરીધ્યો છે?
➜ **નેટવર્ક-૧૮**
૭. ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા શાંતિરક્ષક દિવસ કયારે મનાવવામાં આવ્યો હતો?
➜ **૨૯ મે**
૮. ૨૦૧૪ મૃત્યુ પામનાર મશહૂર ખેલાડી અજલાન શાહ કઈ રમત સાથે સંકલાયેલ છે?
➜ **હોકી**
૯. ટ્રુથ લવ એન્ડ મલિસ આત્મકથા કોની છે?
➜ **ખુશવંતસિંહ**
૧૦. ૨૦૧૪માં ભારતમાં અલગ ટાઈમ ઝોન જાહેર કરનાર રાજય કયું છે?
➜ **આસામ**
૧૧. ભારતમાં પ્રથમ મહિલા પોસ્ટ ઓફિસ કયાં શરૂ કરવામાં આવી છે?
➜ **દિલ્હી**
૧૨. ૨૦૧૪ દિલ્હીના પ્રથમ મહિલા ચીફ જસ્ટીસ તરીકે કોની પસંદગી કરવામાં આવી છે?
➜ **જી. રોહીણી**
૧૩. ૨૦૧૪માં જાહેર થયેલ સર્વે મુજબ ભારતનું સૌથી પ્રદૂષિત શહેર કયું છે?
➜ **ન્યુ દિલ્હી**
૧૪. IPL સીરીઝમાં ૧૦૦ મેચો સૌ પ્રથમ રમનાર ખેલાડી કોણ છે?
➜ **સુરેશ રેના**
૧૫. ૨૦૧૪માં RBIના ડેપ્યુટી ગર્વનર તરીકે કોની વરણી કરવામાં આવી છે?
➜ **આર. ગાંધી**
૧૬. ૨૦૧૪માં RBIના ડેપ્યુટી ગર્વનર પદેથી કોણે પોતાનું રાજીનામું આપી દીધું હતું?
➜ **કે. એસ. ચક્રવર્તી**
૧૭. T-૨૦ મહિલા વર્લ્ડ કપ ટીમમાં સ્થાન મેળવનાર ભારતીય મહિલા ક્રિકેટર કોણ છે?
➜ **પુનમ યાદવ**
૧૮. ૨૦૧૪માં સીમા સુરક્ષાદળના કયા દળે ટેલીમેડીસીન પરિયોજના ચાલુ કરી છે?
➜ **પંજાબ ફ્રન્ટીયર**
૧૯. ૨૦૧૪ 'વિશ્વ વિટીલિગો દિવસ' કયારે મનાવવામાં આવ્યો હતો?
➜ **૨૫ જૂન**
૨૦. ભારતીય કોલસા લિમિટેડ સંસ્થાના નવા અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **એ.કે. દુબે**

# વિદ્યાર્થી અને શિક્ષકો જે શાળામાં આત્મીયતા તેમજ લાગણીભર્યા વ્યવહારથી છલોછલ ભરેલા હોય ત્યાં સંવાદ હોય અને આનંદની ઉછળતી ઊર્મિઓ પણ હોય

## વિચારસભા
### શિક્ષક-દિનની વિશિષ્ટ ઉજવણી
નેહલ જયદીપ ગઢવી

૫મી સપ્ટેમ્બરે સમગ્ર રાષ્ટ્રભરમાં દરેક નાની મોટી તમામ શાળાઓમાં શિક્ષકદિનની ઉજવણી વિવિધ પ્રકારે થઇ. પ્રખ્યાત ફિલોસોફર અને પ્રોફેસર ડો. સર્વપલ્લી રાધાક્રિષ્નનની સ્મૃતિમાં આપણે ત્યાં વર્ષોથી આ દિવસને શિક્ષક-દિન તરીકે ઉજવવામાં આવે છે. ખરેખર, તો કેળવણીનો મુખ્ય ઉદ્દેશ વ્યક્તિને ખરો મનુષ્ય બનાવવો તેમજ તેને વિકાસને પંથે ચડાવવો એ જ છે. દરેક વિદ્યાર્થીએ અન્ય કોઇના જેવા થવાના પ્રયત્નો કરવાને બદલે પોતાનામાં રહેલી ક્ષમતાને જ કેળવવી અને પોષવી જોઇએ. પ્રત્યેકના વિકાસમાં મૌલિકતા હોવી જોઇએ. પ્રત્યેક પોતાની શક્તિઓને પારખી તે મુજબનું કાર્યક્ષેત્ર શોધી કાઢવું જોઇએ અને તેમાં જ ખરો વ્યક્તિ-વિકાસ સંભવી શકે! બાળકના આ વ્યક્તિત્વ વિકાસની પ્રક્રિયામાં તેને યોગ્ય સહકાર મળવો આવશ્યક છે. જે તેને માતાપિતા તેમ જ શિક્ષકો તરફથી મળી શકે છે. શાળામાં ભણતાં વિદ્યાર્થીમાં શિક્ષક, વિનય, વિવેક, શિસ્ત, જિજ્ઞાસા, સેવાભાવ વગેરે ગુણોનો સંચય કરે છે. સ્નેહભર્યું વાતાવરણ સર્જવું એ શિસ્ત નિર્માણ કરવાનો રાજમાર્ગ છે. દરેક વિદ્યાર્થી જો એ વાત સહજપણે સમજે અને સ્વીકારે કે "હું આ શાળારૂપી પરિવારનો હિસ્સો છું, તેથી મારે કેટલાંક નિયમો સ્વયં અને સહજપણે પાળવા જોઇએ." તો આ પ્રકારની શિક્ષણ-સંસ્થાનું વાતાવરણ પ્રેરક તેમજ સુગંધી બની રહે. ઉપદેશ કરતાં ઉદાહરણની અસર બાળક પર સ્વાભાવિકપણે જ વધુ થાય છે. તેથી જે ગુણો આપણે બાળકમાં આવે તેવી અપેક્ષા રાખીએ તે ગુણોનું આચરણ પ્રત્યક્ષપણે કરી બતાવવું વધું ઊચિત છે.

શિક્ષક-દિનની ઉજવણીમાં એક અલગ જ પ્રકારની ઉજવણી આપણી આ સાંસ્કૃતિક નગરી ગાંધીનગરમાં થઇ. આજના આ આધુનિક યુગમાં Facebook, Mobile અને e-mail ના માધ્યમથી શાળા-કોલેજનાં વિદ્યાર્થીઓ ફરી એકવાર એકબીજાના સંપર્કમાં આવી શક્યા છે. ગાંધીનગરની ખૂબ જાણીતી અને માનનીય શૈક્ષણિક સંસ્થાઓમાંની એક છે. શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય. શિક્ષક દિન નિમિત્તે આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેમને શાળા છોડ્યે ૨૪-૨૫ વર્ષ વીતી ગયા છે તેવી ૧૯૯૨ની બેચનાં વિદ્યાર્થીઓએ શાળાનાં માળમંદિરથી માંડીને બારમા ધોરણ સુધીના શક્ય હોય તેટલા શિક્ષકોનો સંપર્ક સાંધ્યો. તેની સાથેસાથે શાળામાં અભ્યાસ કરનારી ૧૯૯૨ની બેચમાં જેટલા વિદ્યાર્થીનો પણ સંપર્ક થઇ શક્યો તેઓને શોધીને શાળામાં બોલાવ્યા. આટલા વર્ષો બાદ શાળાનાં તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પોતાના શિક્ષકો માટે આજે પણ એ જ આદર-સન્માન હોવાને કારણે પોતાના વ્યસ્ત કાર્યક્ષેત્ર વચ્ચે પણ સમય તેમજ અનુકુળતા સાધી તેઓ શાળામાં મળ્યા. આ બેચની અન્ય એક વિશિષ્ટતા એ પણ છે કે તે વર્ષે ભણનારા વિદ્યાર્થીઓમાંથી લગભગ ૨૨ થી ૨૫ વિદ્યાર્થીઓ તબીબી શાખામાં જોડાયા અને ડોકટર બન્યા. જે ખૂબ ગૌરવજનક તેમજ નોંધનીય બાબત ગણાય. વિદ્યાર્થીઓ પણ પોતાની આ અભૂતપૂર્વ સિદ્ધિનો શ્રેય શિક્ષકોને આપે છે અને તેથી જ આ અમૂલ્ય તકને ઝડપી લઇને ૧૯૯૨ની બેચના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ગુરુકુળના પ્રાંગણમાં આવ્યા. બાળસહજ કુતુહલતાથી તેઓ સૌ પોતાના બાળકોને પોતાના શાળાજીવનના સંસ્મરણો વાગોળતા નજરે પડ્યા! અત્યંત Emotional અને Sentimental દ્રશ્યો તમામ વિદ્યાર્થીઓ તેમ જ શિક્ષકો બંને પક્ષે જોવા મળ્યા! આટલા વર્ષો બાદ પણ શિક્ષકો માટેનો આદર અને અહોભાવ વિદ્યાર્થીઓમાં જળવાઇ રહ્યો તે ખરેખર એક મોટી સિદ્ધિ ગણાય! અત્રે, ઉલ્લેખનીય બાબત એ પણ છે કે આપણે જે Social media ને કારણે સંવેદનાઓ મરી પરવારી છે તેવું માનીએ છીએ તે જ માધ્યમના ઉપયોગથી આ પ્રકારની સકારાત્મક પ્રવૃત્તિઓ પણ થઇ રહી છે. શાળાના કેટલાક ઉત્સાહી અને સક્રિય મિત્રોએ એક ગ્રુપ બનાવી દેશ-વિદેશમાં વસતાં સહાધ્યાયીઓનું એક ગ્રુપ બનાવ્યું છે. તેઓ પોતાના રોજબરોજના અનુભવો પણ એકબીજા સાથે Share કરે છે અને માત્ર વાતો પૂરતી જ આ Group ની activity સીમિત નથી Group દ્વારા blood donation camp તેમજ ગરીબ બાળકોને પોષ્ટિક આહારના પેક્ટ્સ આપવા આ પ્રકારના કેટલાક સમાજ ઉપયોગી કાર્યો પણ યોજાય છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ વાલીઓ આ ત્રણેયના ત્રિવેણીસંગમથી જ આ પ્રકારના જાગૃત નાગરિકોનું નિર્માણ શક્ય બની શકે. બાળમંદિરની માંડીને ૧૨માં ધોરણ સુધીના શિક્ષકોને મળીને વિદ્યાર્થીઓ જાણે પોતાના શાળાજીવનમાં પાછા ફર્યા હોય તેવી પ્રતીતિ તેમને થઇ હશે! શાળાજીવન એ વ્યક્તિના જીવનનો સૌથી શ્રેષ્ઠ તબક્કો માનવામાં આવે છે. પણ વ્યસ્તતાને કારણે ફરીથી એ જ શાળામાં જઇ શિક્ષકોને મળવું કે થોડો સમય શિક્ષકો સાથે વિતાવવો એ લગભગ અશક્ય લાગે તેવી બાબત છે. પરંતુ, આ ગ્રુપના વિદ્યાર્થી મિત્રોએ એ તકને ઝડપી તેને મન ભરીને માણી પણ ખરી! શિક્ષકો પણ પોતાના વિદ્યાર્થીઓની વિવિધ ક્ષેત્રોમાં થયેલી સિદ્ધિ જોઇને અત્યંત ખુશ થયા. ત્યાં ઉપસ્થિત રહેલ દરેક માટે આ ક્ષણ તેમનાં જીવનમાં એક અમૂલ્ય- અનમોલ યાદ સમાન બનશે તથા આ યાદ હંમેશા તેમની સ્મૃતિમાં સચવાયેલી રહેશે! આ ગ્રુપના વિદ્યાર્થી મિત્રોનો મુખ્ય હેતુ આવનારી પેઢી સુધી આ ગુરૂશિષ્ટના સંબંધોની સુવાસ પ્રસરાવવાનો હતો જે સ્પષ્ટપણે આવનારી પેઢી સુધી પહોંચી જ હશે! નિવૃત્ત થયેલા શિક્ષકો તેમજ આજે કોઇને કોઇ સ્થાને પહોંચીને જીવનમાં આગળ વધી ચૂકેલા વિદ્યાર્થી મિત્રોનો આ મિલન સમારંભ ખરેખર અદ્દભૂત રહ્યો. આ કાર્યક્રમમાં હાજર રહેલા તેમ જ તેના વિષે જાણનારા સૌ કોઇ પણ પોતાની શાળાએ ફરી એકવાર પોતાના શાળાજીવનની સુનહરી યાદોને માણવા તત્પર બની ગયા હશે!

'શાળા' એ બે અક્ષર અને ચાર દિવાલો છે. જો આ ચાર દિવાલમાં આત્મીયતા, સહિષ્ણુતા અને શિસ્ત ન હોય તો તેનો કોઇ જ અર્થ ન સરે નહિ. વિદ્યાર્થી અને શિક્ષકો જે શાળામાં આત્મીયતા તેમ જ લાગણીભર્યા વ્યવહારથી છલોછલ ભરેલા હોય ત્યાં સંવાદ હોય અને આનંદની ઉછળતી ઊર્મિઓ પણ હોય. આ શિક્ષણ-દિન નિમિત્તે આપણે સૌ પણ એક એવા સમાજની રચના કરીએ જયાં વાલીઓ પોતાના બાળકો માટેની શાળામાં શિસ્ત-સંસ્કાર અને શિક્ષકનો ત્રિવેદી સંગમ રચી શકે!